# ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ

"રાજીવ ગાંધી ભવન" સંસ્કાર કેન્દ્ર માર્ગ, વી.એસ. હોસ્પિટલ પાસે, એલિસબ્રીજ, અમદાવાદ-૩૮૦૦૦૬.
ફોન : ૦૭૯-૨૬૫૭૮૨૧૨-૨૧૩,૨૬૫૭૮૧૬૧,૨૬૫૭૮૩૧૧ ફેક્સ : ૦૭૯-૨૬૫૭૯૫૮૯
Web : www.incgujarat.com E – mail : gpcc1234@gmail.com

=====================================================================

**અખબારી યાદી** **તા.૧૧.૦૮.૨૦૨૬**

- **પાડોશી રાજ્યોની સરખામણીએ ગુજરાતની બહેનો સાથે અન્યાય: આંગણવાડી કાર્યકરો અને હેલ્પર્સને અપાતા રાજ્યના ભથ્થામાં ગુજરાત સમગ્ર દેશમાં ૧૯માં ક્રમાંકે : ડૉ.મનીષ દોશી**
- **અન્ય રાજ્યોમાં 'લાડલી બહેન' અને ગુજરાતમાં ભાજપ સરકાર મહિલોઓનું સુનિયોજિત આર્થિક શોષણ કેમ કરે છે?**
- **સુપ્રીમ કોર્ટમાંથી કેસ પરત ખેંચી બહેનોને સહિતના સરકારી કર્મચારીઓને સન્માનજનક વેતન અને ન્યાય આપવામાં આવે: ડૉ.મનીષ દોશી.**

ગુજરાતની ભાજપ સરકારના શાસનમાં રાજ્યની આંગણવાડીઓની કથળતી સ્થિતિ અને આંગણવાડી બહેનોનું સતત થતું આર્થિક શોષણ એ સંવેદનહીન વહીવટનું જવલંત ઉદાહરણ છે. રાજ્યમાં કુપોષણ અને બાળ મૃત્યુ દર આજે પણ ચિંતાજનક સપાટી અંગે ચિંતા કરતા ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિનાં મીડિયા કન્વીનર અને પ્રવક્તા ડૉ.મનીષ દોશીએ જણાવ્યું હતું કે ગુજરાત રાજ્યમાં જાહેર આરોગ્ય સેવામાં પાયાની ભૂમિકા ભજવતી આંગણવાડી કાર્યકર અને તેડાગર બહેનોની આર્થિક સ્થિતિ અને તેમના વેતન સંબંધિત ગંભીર પ્રશ્નો છે. વિકાસના મોડેલની વાતો કરતી ભાજપ સરકાર આંગણવાડી કાર્યકરો અને હેલ્પર્સને અપાતા રાજ્યના ભથ્થામાં સમગ્ર દેશમાં ૧૯મા ક્રમાંકે ધકેલાઈ ગઈ છે, જે અત્યંત શરમજનક છે. વિકાસના મોડેલની વાતો કરતી ભાજપ સરકાર આંગણવાડી કાર્યકરો અને હેલ્પર્સને અપાતા રાજ્યના વધારાના ભથ્થામાં સમગ્ર દેશમાં ૧૯મા ક્રમાંકે ધકેલાઈ ગઈ છે, જે અત્યંત શરમજનક છે. મધ્યપ્રદેશમાં આંગણવાડી કાર્યકરને ₹૮,૫૦૦ અને હેલ્પરને ₹૪,૨૫૦ રાજ્ય ભથ્થું ચૂકવે છે. મહારાષ્ટ્રમાં આંગણવાડી કાર્યકરને ₹૮,૫૦૦ અને હેલ્પરને ₹૫,૨૫૦ રાજ્ય ભથ્થું ચૂકવે છે. રાજસ્થાનમાં આંગણવાડી કાર્યકરને ₹૬,૦૬૧ અને હેલ્પરને ₹૪,૦૪૧ રાજ્ય ભથ્થું ચૂકવે છે. જ્યારે ગુજરાતમાં કાર્યકરને માત્ર રૂ.૫,૫૦૦ અને હેલ્પરને માત્ર રૂ.૩,૨૫૦ આપીને તેમનું આર્થિક શોષણ કરવામાં આવે છે. મધ્યપ્રદેશ, રાજસ્થાન અને મહારાષ્ટ્ર જેવા રાજ્યોમાં મહિલાઓનાં આર્થીક પ્રોત્સાહન માટે 'લાડલી બહેન' આપવામાં આવે છે અને ગુજરાતમાં ભાજપ સરકાર મહિલોઓનું સુનિયોજિત આર્થિક શોષણ કેમ ? ભાજપ સરકાર એક તરફ મહિલા સશક્તિકરણના બોર્ડ લગાવે છે અને બીજી તરફ હાઈકોર્ટ તથા સુપ્રીમ કોર્ટના 'સમાન કામ, સમાન વેતન'ના સિદ્ધાંતો સામે સુપ્રીમ કોર્ટમાં અરજીઓ કરીને આંગણવાડી બહેનોના ન્યાયી હકો છીનવવાનો પ્રયાસ કરે છે. પાડોશી ભાજપ શાસિત રાજ્યોની તુલનાએ પણ ગુજરાતની બહેનો સાથે આ પ્રકારનો ભેદભાવ સરકારની માનસિકતા દર્શાવે છે.

ગુજરાતમાં ૫૩,૦૨૯ આંગણવાડી છે જેમાં પાયાની સુવિધા અને આંગણવાડી કાર્યકર અને તેડાગર બહેનોને અત્યંત નજીવું વેતન આપીને ભાજપ સરકાર ભારે અન્યાય કરી રહી છે. રાજ્યમાં ૧૨,૬૪૨ આંગણવાડીઓ ભાડાના મકાનમાં, ૮,૪૫૨ જર્જરિત મકાનોમાં, ૩,૩૮૧ કામચલાઉ શેડમાં અને ૧૦૦ જેટલી આંગણવાડીઓ ખુલ્લામાં ચલાવવામાં આવી રહી છે. ગુજરાતની આંગણવાડી બહેનોને થતા અન્યાય અને રાજ્યમાં આંગણવાડીની કથળતી સ્થિતિ અંગે મુખ્યમંત્રીશ્રીને પત્ર લખી ધ્યાન દોર્યું છે. બાળ કલ્યાણ અને મહિલા સશક્તિકરણના મોટા દાવાઓ કરતી ભાજપ સરકારના રાજમાં આંગણવાડીઓની આવી દયનીય સ્થિતિ તંત્રની ઘોર નિષ્ફળતા છતી કરે છે. વિકસિત ગુજરાતના પોકળ દાવાઓ વચ્ચે રાજ્યની આંગણવાડીઓની સ્થિતિ અત્યંત ગંભીર છે. ગુજરાતમાં કુપોષણ અને બાળ મૃત્યુ દર આજે પણ સરકાર માટે ચિંતાનો વિષય છે. ભાજપ સરકાર સુપ્રીમ કોર્ટમાંથી પોતાની અરજી ત્વરિત પરત ખેંચે, પાડોશી રાજ્યોની સરખામણીએ ગુજરાતની બહેનોના રાજ્ય ભથ્થામાં તાત્કાલિક વધારો કરે અને તેમને સંપૂર્ણ આર્થિક તથા સામાજિક સુરક્ષા પૂરી પાડે તેવી. આંગણવાડી બહેનોના સન્માનજનક પુરતું વેતન અને જર્જરિત આંગણવાડીઓની સુધારણા અને પુરતી સુવિધા થાય તેવી કોંગ્રેસ પક્ષ માંગ કરે છે.

| રાજ્ય | આંગણવાડી કાર્યકર | હેલ્પર/તેડાગર |
|---|---|---|
| મધ્યપ્રદેશ | ₹૮૫૦૦ | ₹૪૨૫૦ |
| મહારાષ્ટ્ર | ₹૮,૫૦૦ | ₹૫,૨૫૦ |
| રાજસ્થાન | ₹૬,૦૬૧ | ₹૪,૦૪૧ |
| ગુજરાત | ₹૫,૫૦૦ | ₹૩,૨૫૦ |

ડૉ. મનીષ દોશી
મીડિયા કન્વીનર અને પ્રવક્તા
ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ